# ચરોતરમિત્ર



નડિયાદ મનપામાં ટાઉન પ્લાનિંગનો ‘ધણી’ કોઈ નથી છતાં વિકાસની મોટી ગુલબાંગો

## નડિયાદ મનપામાં ટીપી કમિટી જ ગાયબ!

**મંત્રીની હાજરીમાં** ઝડપી આયોજનની વાતો માત્ર હવામાં ગોળીબાર સમાન



(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૨

નડિયાદ મહાનગરપાલિકા વિસ્તારના ગામોના વિકાસ માટે તાજેતરમાં મંત્રી અને પદાધિકારીઓની એક મોટી બેઠક યોજાઈ ગઈ, પરંતુ ગ્રાઉન્ડ લેવલની વાસ્તવિકતા અત્યંત વરવી છે. નડિયાદના ટાઉન પ્લાનિંગ વિભાગમાં ટેકનિકલ સ્ટાફનો સંપૂર્ણ સફાયો છે અને આખો વિભાગ આઉટસોર્સિંગ એજન્સીના સહારે રામ ભરોસે ચાલી રહ્યો છે. આવા સંજોગોમાં નેતાઓ દ્વારા કરવામાં આવતી ઝડપી આયોજનની વાતો માત્ર કાગળ પરની હોય તેમ લાગી રહ્યું છે.

નડિયાદ સર્કિટ હાઉસ ખાતે રાજ્યમંત્રી સંજયસિંહ મહિડાની ઉપસ્થિતિમાં નડિયાદ રૂરલ અર્બન ડેવલપમેન્ટ હેઠળ એક બેઠક યોજાઈ હતી. જેમાં ફતેપુરા, ડુમરાલ, ડભાણ, મંજીપુરા અને કમળા ગામોમાં નગર આયોજન પ્રક્રિયા ઝડપી બનાવવા મેયર અને અન્ય પદાધિકારીઓ સાથે ચર્ચાઓ કરવામાં આવી હતી. જોકે, આ મોટી વાતો સામે વાસ્તવિકતા એ છે કે વિભાગનો કોઈ કાયમી સંચાલક નથી અને હાલમાં માત્ર ચાર્જના આધારે અશ્વિન ભોજક દ્વારા ગાડુ ગબડાવાઈ રહ્યું છે.

હાલ મનપાના ટાઉન પ્લાનિંગ શાખામાં ફરજ બજાવતા અન્ય કર્મચારીઓને નગર આયોજનની કોઈ જ પ્રાથમિક સમજ નથી. આ કર્મચારીઓ માત્રને માત્ર ટપાલીની ભૂમિકા ભજવી રહ્યા છે, તેઓ માત્ર નોટિસ પહોંચાડવા પૂરતા જ સીમિત રહી ગયા છે.

### જુનિયર ટાઉન પ્લાનર પણ આઉટસોર્સના ભરોસે

સૌથી ચોંકાવનારી બાબત એ છે કે નગર આયોજનમાં અત્યંત મહત્વની ગણાતી એવી જુનિયર ટાઉન પ્લાનરની જગ્યા પર પણ કોઈ કાયમી કે સક્ષમ અધિકારી નથી. આ જગ્યા પણ આઉટસોર્સ એજન્સીના માણસોથી ચલાવવામાં આવી રહી છે. જ્યારે પાયાના ટેકનિકલ માણસો જ ન હોય ત્યારે આસપાસના ગામોનો સુવ્યવસ્થિત અને ઉચ્ચ ગુણવત્તાયુક્ત વિકાસ કઈ રીતે થશે તે એક મોટો સવાલ છે. હજુ સુધી મનપામાં ટાઉન પ્લાનિંગ કમિટીની રચના સુદ્ધા કરવામાં આવી નથી અને તેનો કોઈ ચેરમેન પણ નિયુક્ત કરાયો નથી.

### ભવિષ્યના ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે ચેડાંની ભીતિ

કોઈપણ નવા વિસ્તારના વિકાસ માટે લેન્ડ સર્વેક્ષણ, ઝોનિંગ અને માસ્ટર પ્લાન ડ્રાફ્ટિંગની પ્રક્રિયા ટેકનિકલ એન્જિનિયર દ્વારા જ શક્ય બને છે. જો આ પ્રક્રિયામાં ભૌમિતિક કે કાયદાકીય ભૂલ રહી જાય તો ભવિષ્યમાં રસ્તાઓ, પાણીની લાઈનો અને ડ્રેનેજ સિસ્ટમ ખોરવાઈ શકે છે. બિનઅનુભવી એજન્સીના માણસો પાસે આ કામગીરી કરાવવી એ શહેરના ભવિષ્ય સાથે જોખમ સમાન છે.

---

પાલિકામાંથી મહાપાલિકા બનતા વહીવટી ભારણ વધ્યું

## નડિયાદ મનપામાં સ્ટાફની ભારે અછત: નવી ભરતીની ઉગ્ર માંગ

**અપૂરતા સ્ટાફને** કારણે અરજદારોને ધક્કા ખાવાની નોબત

### નવા પ્રોજેક્ટ્સને વેગ આપવા માનવબળ જરૂરી

નડિયાદને આદર્શ અને સ્માર્ટ મહાનગર બનાવવા માટે વહીવટી પાંખને મજબૂત કરવી અનિવાર્ય છે. નવી યોજનાઓ અને પ્રોજેક્ટ્સનું સમયસર અમલીકરણ કરવા માટે વધારાનું માનવબળ કરોડરજ્જુ સમાન સાબિત થશે. સ્ટાફની ઘટ પૂરી થવાથી કામકાજમાં ગતિ આવશે અને પારદર્શિકતામાં વધારો થશે.

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૨

નડિયાદ શહેરને મનપાનો દરજ્જો મળ્યા બાદ વહીવટી કામગીરી અને ભૌગોલિક વ્યાપમાં મોટો વધારો થયો છે. જોકે, તેની સામે સ્ટાફની સંખ્યા અત્યંત ઓછી હોવાથી નાગરિકોના રોજબરોજના કામોમાં ભારે વિલંબ થઈ રહ્યો છે. આ સમસ્યાના નિવારણ માટે ખેડા જિલ્લા કોંગ્રેસ સમિતિના મહામંત્રી ગોકુલ શાહ દ્વારા કમિશનર અને મેયરને 100 નવા ઓફિસ સ્ટાફની તાત્કાલિક ભરતી કરવા લેખિત રજૂઆત કરવામાં આવી છે.

નડિયાદ નગરપાલિકામાંથી મહાનગરપાલિકા બન્યા પછી વહીવટી ભારણ એટલી હદે વધ્યું છે કે હાલનું સંખ્યાબળ ખૂબ જ અપૂરતું સાબિત થઈ રહ્યું છે.

મર્યાદિત સ્ટાફને કારણે જન્મ-મરણના દાખલા, વેરા વિભાગ, બાંધકામ પરવાનગી, પાણી અને ડ્રેનેજ જેવા સંવેદનશીલ વિભાગોમાં અરજીઓનો નિકાલ ગોકળગાયની ગતિએ થઈ રહ્યો છે. વિકાસના કામોની ફાઈલો પણ ટેબલો પર અટવાઈ રહી છે, જેનાથી કામની ગુણવત્તા પર નકારાત્મક અસર પડી રહી છે. રજૂઆતમાં ચીમકી આપવામાં આવી છે કે જો આ ગંભીર બાબતે વિલંબ કરવામાં આવશે, તો વહીવટી નિષ્ફળતા અને નાગરિકોની હાલાકી સાંખી લેવામાં આવશે નહીં.

---

## ભાદરણ JVNમાં ધો.૬ માટે ઓનલાઈન ફોર્મ ભરવાનું શરૂ

**ધોરણ-૬માં** પ્રવેશ માટે ૩૦મી સપ્ટેમ્બર સુધી ઓનલાઈન અરજી કરી શકાશે

(પ્રતિનિધિ) આણંદ તા.૧૨

બોરસદ તાલુકામાં આવેલા પીએમ સ્કૂલ, જવાહર નવોદય વિદ્યાલય, ભાદરણ દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૭-૨૮ માટે ધોરણ-૬ માં પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે ઓનલાઈન અરજી પ્રક્રિયાની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે.

જવાહર નવોદય વિદ્યાલય પસંદગી પરીક્ષાના આયોજન અંગે વિગતો આપતા વિદ્યાલયના આચાર્ય ભોલંબર સિંઘે જણાવ્યું છે કે, આ પ્રવેશ પરીક્ષા આગામી તારીખ ૨૮ નવેમ્બર ૨૦૨૬ ને શનિવારના રોજ આયોજિત કરવામાં આવશે. પ્રવેશ મેળવવા ઈચ્છુક તમામ વિદ્યાર્થીઓએ આગામી તારીખ ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૬ સુધીમાં ઓનલાઈન ફોર્મ ભરવાના રહેશે.

જવાહર નવોદય વિદ્યાલય એક નિવાસી શાળા છે, જે વિદ્યાર્થીઓને નિઃશુલ્ક શિક્ષણની સાથે સાથે રહેવા અને જમવાની ઉત્તમ સુવિધાઓ પણ વિનામૂલ્યે પૂરી પાડે છે. આ ઉપરાંત, વિદ્યાર્થીઓને જરૂરી અભ્યાસ સામગ્રી અને ગણવેશ પણ સરકાર દ્વારા નિઃશુલ્ક આપવામાં આવે છે. વિદ્યાલયમાં શૈક્ષણિક પ્રવૃત્તિઓની સાથે વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે રમત-ગમત, સંગીત, આર્ટ, એનસીસી અને એસપીસી જેવા વિવિધ ક્ષેત્રોમાં પણ શ્રેષ્ઠ તાલીમ આપવામાં આવે છે. પ્રવેશ માટેની ઓનલાઈન અરજી કરવાની પ્રક્રિયા અત્યંત સરળ રાખવામાં આવી છે. વાલીઓ અને વિદ્યાર્થીઓ જવાહર નવોદય વિદ્યાલયની સત્તાવાર વેબસાઈટ https://cbseitms.rcil.gov.in/nvs/ પર જઈને ઓનલાઈન ફોર્મ ભરી શકે છે.

---

આણંદના કપાસિયા બજારમાં થયેલી ઘાતકી હત્યાનો ભેદ ગણતરીના કલાકોમાં જ ઉકેલાયો

## આણંદમાં સામાન્ય ઝઘડામાં આધેડની હત્યા કરનારો શખસ આખરે પકડાયો

**સીસીટીવી** ફૂટેજ અને ‘નેત્રમ’ની મદદથી આણંદ ટાઉન પોલીસે મુકેશ ઉર્ફે મુકાને ઝડપી પાડ્યો

(પ્રતિનિધિ) આણંદ, તા.૧૨

આણંદ શહેરના હાર્દ સમાન કપાસિયા બજાર વિસ્તારમાં એક ૫૫ વર્ષીય આધેડની પથ્થર મારીને કરવામાં આવેલી નિર્મમ હત્યાથી સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ હતી. જોકે, પોલીસની ત્વરિત કાર્યવાહી અને આધુનિક સર્વેલન્સ ટેકનોલોજીના સમન્વયને કારણે આ વણશોધાયેલા ગુનાનો ભેદ માત્ર ગણતરીના કલાકોમાં જ ઉકેલાઈ ગયો છે. પ્રાથમિક પૂછપરછમાં સામાન્ય બોલાચાલી બાદ થયેલા ઝઘડામાં જીવ લીધો હોવાની કબુલાત કરી હતી.

આણંદ શહેરના લોટિયા ભાગોળ, કપાસિયા બજારમાં આવેલા દ્વારકેશ પ્રોવિઝન સ્ટોરની સામે બંધ દુકાનોના પગથિયા પાસે ૧૧મી જુલાઈના રોજ એક આધેડનો લોહીલુહાણ હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો. મૃતકની ઓળખ આણંદના રબારીવાસ વિસ્તારમાં રહેતા ૫૫ વર્ષીય ઓમપ્રકાશ દયાશંકર ચૌહાણ તરીકે થઈ હતી. પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું હતું કે કોઈ અજ્ઞાત શખ્સે તેમના મોઢાના ભાગે કોટા સ્ટોનનો પથ્થર મારી ગંભીર ઈજાઓ પહોંચાડી મોતને ઘાટ ઉતાર્યા હતા. આ બનાવ અંગે આણંદ ટાઉન પોલીસ મથકે હત્યાનો ગુનો નોંધી આગળની તપાસ શરૂ કરવામાં આવી હતી.

આણંદ શહેર પોલીસે વિવિધ માર્ગો પર લાગેલા ખાનગી સીસીટીવી કેમેરા તેમજ આણંદ ‘નેત્રમ’ પ્રોજેક્ટ હેઠળના સીસીટીવી ફૂટેજનું ઊંડાણપૂર્વક વિશ્લેષણ કર્યું હતું. જ્યારે સર્વેલન્સ સ્કોડના કર્મચારીઓને બાતમીદારોના નેટવર્કને સક્રિય કરવા સૂચના આપવામાં આવી હતી.

આ તપાસ દરમિયાન આણંદ ટાઉન પોલીસના પોલીસ કોન્સ્ટેબલ જયદીપસિંહ અને રુદ્રપાલસિંહને ચોક્કસ બાતમી મળી હતી, જેના આધારે આરોપીની હિલચાલ ટ્રેક કરવામાં આવી હતી. આમ પોલીસની સચોટ કડીઓ મેળવ્યા બાદ, ગણતરીના કલાકોમાં જ હત્યાના આરોપી મુકેશ ઉર્ફે મુકો શાંતિલાલ સરગરા (મારવાડી) (ઉ.વ.૮૧, રહે. વરેઈ માતા રોડ, આણંદ; મૂળ રહે. રાજસ્થાન) ને ઝડપી પાડવામાં આવ્યો હતો. પ્રાથમિક પૂછપરછમાં મુકેશે કબુલાત કરી હતી કે, તે ઓમપ્રકાશ ચૌહાણને ઓળખતો પણ નહતો. પરંતુ તેમની સાથે બેથી ત્રણ વખત સામાન્ય બોલાચાલી થઈ હતી. આ બોલાચાલી બાદ થયેલા ઝઘડાની અદાવતમાં રાત્રિના ઓમપ્રકાશ સુતો હતો, તે સમયે તેની ઢીમ ઢાળી દીધું હતું.

આ વણશોધાયેલા ગુનાને શોધી કાઢવામાં પોલીસ સબ ઈન્સ્પેક્ટર જે.એસ. કંડોરિયા, સર્વેલન્સ પોલીસ સબ ઈન્સ્પેક્ટર એસ.બી. ઝાલા સહિતની ટીમે જહેમત ઉઠાવી હતી.

---

## લુણાવાડામાં પરિણીતા પર સાસરિયાંનો ત્રાસ

**‘તું વાંઝણી છે,** મારે બીજી પત્ની લાવવી છે’ કહી કાઢી મૂકી

(પ્રતિનિધિ) લુણાવાડા તા.૧૨

મહિસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાના નાળના મુવાડા ગામેથી સામાજિક ત્રાસની એક ગંભીર ઘટના સામે આવી છે. જેમાં ૩૧ વર્ષીય પરિણીતાને સંતાન સુખ ન મળવા બાબતે મેણાં મારી અને બીજી પત્ની લાવવાની ધમકી આપી ઘરમાંથી હાંકી કાઢવામાં આવી હતી.

લુણાવાડાના વિરણીયા ગામે પિયરમાં રહેતી સરસ્વતીબેન પગીએ પોતાના પતિ નરેન્દ્રભાઈ ભલાભાઈ પગી, સસરા ભલાભાઈ સોમાભાઈ અને સાસુ રમીલાબેન વિરૂદ્ધ શારીરિક-માનસિક ત્રાસ અને જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ લુણાવાડા પોલીસ મથકે નોંધાવી છે. ૨૯ એપ્રિલ ૨૦૨૧ના રોજ જ્ઞાતિના રીત-રિવાજ મુજબ લગ્ન થયા બાદ એક વર્ષ સુધી ઘરસંસાર સારો ચાલ્યો હતો, પરંતુ ત્યારબાદ ઘરકામ અને નાની-નાની બાબતોમાં વિવાદ કરી સાસરિયાઓએ મેણાં-ટોણાં મારવાનું અને પિયર મોકલી દેવા દબાણ કરવાનું શરૂ કર્યું હતું.

ગત ૨૫મી મે ૨૦૨૬ના રોજ બંને પક્ષના પંચોની હાજરીમાં સમાધાન થયા બાદ સરસ્વતીબેન ફરી સાસરે ગયા હતા. જોકે, માત્ર બે દિવસ સારી રીતે રાખ્યા બાદ પતિએ ફરી તોછડું વર્તન શરૂ કર્યું હતું અને ‘તું મારે જોઈતી નથી, મારે બીજી પત્ની લાવવાની છે, તું વાંઝણી જ રહેવાની છે.’ તેમ કહી મારઝૂડ કરી હતી. આ સતત ત્રાસ અને જાનથી મારી નાખવાની ધમકી મળતા અંતે પરિણીતાએ મહિસાગર મહિલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોધાવી છે.

---

ન્યૂઝીલેન્ડના વર્ક પરમિટ વિઝાના બહાને ‘એમ.એમ. ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ’ ના સંચાલકે છેતરપિંડી કરી

## આણંદમાં વિદેશવાંચ્છુ બે યુવાનો સાથે ૧૯.૬૯ લાખની છેતરપિંડી

**બોગસ ઓફર** લેટર પધરાવી પાસપોર્ટ પણ હજમ કરતા મામલો પોલીસ મથકે પહોંચ્યો

(પ્રતિનિધિ) આણંદ તા.૧૨

ચરોતરમાંથી વિદેશ જવા માટે આતુર યુવાનોને શિકાર બનાવતી વધુ એક ટોળકીનો પર્દાફાશ થયો છે. આણંદના ભાલેજ રોડ પર આવેલ ‘એમ. એમ. ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ’ ના સંચાલક મુનાફભાઈ યુસુફભાઈ વ્હોરાએ ન્યૂઝીલેન્ડ મોકલવાના બહાને બે યુવકો પાસેથી લાખો રૂપિયા પડાવી છેતરપિંડી આચરી હોવાની ફરિયાદ આણંદ ટાઉન પોલીસ મથકે નોંધાઈ છે.

આણંદ ટાઉન પોલીસ મથકે નોંધાયેલી ફરિયાદની વિગતો મુજબ, આણંદના રફીક પાર્કમાં રહેતા અનવરભાઈ વ્હોરાનો દીકરો સાહીલ ફેબ્રુઆરી ૨૦૨૪માં ઉમરાહ જવા માટેની પૂછપરછ કરવા મુનાફની ઓફિસે ગયો હતો. ત્યાં સંચાલક મુનાફે તેને ન્યૂઝીલેન્ડના વેરહાઉસમાં વર્ક પરમિટ વિઝા અપાવવાની લાલચ આપી હતી અને કુલ ૧૫ લાખનો ખર્ચ જણાવ્યો હતો. વિશ્વાસમાં આવી ગયેલા સાહીલના પિતાએ ટુકડે-ટુકડે ગુગલ પે અને રોકડા મળી કુલ ૧૧.૧૯ લાખ મુનાફને આપ્યા હતા. આ જ રીતે નડીઆદના પીપલગના સાહીલભાઈ યાસીનભાઈ વ્હોરાને પણ વિશ્વાસમાં લઈ તેમની પાસેથી ૮.૫૦ લાખ પડાવ્યા હતા.

આશ્ચર્યજનક બાબત એ છે કે, મુનાફે ભોગ બનનાર યુવકોને બોગસ ઓફર લેટર આપ્યા હતા અને નોટરી રૂબરૂ એફિડેવિટ પણ કરી આપી હતી. આટલું જ નહીં, ટિકિટ બુકિંગના નામે પણ તેણે નાણાં પડાવ્યા હતા. લાંબો સમય વીતવા છતાં વિઝા ન મળતા અને સંચાલકે અસલ પાસપોર્ટ પણ પરત ન આપતા યુવકોને છેતરપિંડીનો અહેસાસ થયો હતો. અંતે કુલ ૧૯.૬૯ લાખની છેતરપિંડી મામલે બંને યુવકોએ આણંદ ટાઉન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

આણંદ, ખેડા જિલ્લામાં વિદેશ વાંચ્છુ સાથે થઈ રહેલી સતત છેતરપિંડી થઈ રહી છે. આ નેટવર્ક અંગે કડક પગલાં ભરવા માગણી ઉઠી છે.

---

## ઉમરેઠના બંધ મકાનમાંથી એન્ટિક વાસણો ચોરાયાં

(પ્રતિનિધિ) આણંદ તા.૧૨

ઉમરેઠ તાલુકાના પીપળિયા ભાગોળ વિસ્તારમાં તસ્કરોએ વધુ એક બંધ મકાનને નિશાન બનાવ્યું છે. વડોદરા સ્થિત એક પરિવારના બંધ મકાનની જાળીનું તાળું તોડી અજાણ્યા તસ્કરો વડીલોના સમયના કિંમતી પિત્તળ, તાંબા અને કાંસાના વાસણોની ચોરી કરી પલાયન થઈ ગયા છે. આશરે ૭૦ હજારની મત્તાની ચોરી અંગે ઉમરેઠ પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે.

મૂળ ઉમરેઠના વતની અને છેલ્લા ૪૦ વર્ષથી વડોદરાના ગોત્રી વિસ્તારમાં રહી મજૂરી કામ કરતા બુધાભાઈ બલાભાઈ તળપદા ગત ૨૩મી જૂનના રોજ પોતાના પરિવાર સાથે ઉમરેઠ ખાતે કુળદેવીની બાધા પૂરી કરવા માટે આવ્યા હતા. ધાર્મિક વિધિ પૂર્ણ કર્યા બાદ ૨૪ જૂને તેઓ મકાનને તાળું મારીને ફરી વડોદરા પરત ફર્યા હતા. ચોરીની આ ઘટના ત્યારે પ્રકાશમાં આવી જ્યારે ગત ૮મી જુલાઈના રોજ તેમના પડોશી મહેશભાઈ તળપદાએ બુધાભાઈને ફોન કરીને જાણ કરી કે તેમના ઘરની જાળીનું તાળું તૂટેલું છે. આ જાણકારી મળતા જ બુધાભાઈના ભત્રીજા ગોપીએ તાત્કાલિક ઘરે જઈ તપાસ કરી હતી, જેમાં ચોરી થઈ હોવાનું સ્પષ્ટ થયું હતું.

મકાનમાલિકે આવીને જોયું તો જાણવા મળ્યું કે, વડીલોના જમાનાના પિત્તળ, તાંબા અને કાંસાના નાના-મોટા અનેક વાસણો ઘરમાંથી ગાયબ હતા. આ ચોરી થયેલા વાસણોની અંદાજિત કિંમત ૭૦,૦૦૦ જેટલી થાય છે. આ સમગ્ર મામલે ઉમરેઠ પોલીસે અજાણ્યા ચોર ઈસમો વિરુદ્ધ વિધિવત ફરિયાદ નોંધીને તસ્કરોને પકડવા માટે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

---

## પેટલાદ શહેરમાં નવનિર્મિત ‘આંબેડકર ભવન’નું લોકાર્પણ

**સાંસદ** અને મહંતની ગરિમામય હાજરીમાં લોકાર્પણ કરાયું




તસવીરઃ વિનાયક આણંદજીવાલા

(પ્રતિનિધિ) પેટલાદ તા.૧૨

પેટલાદ નગરપાલિકાના વોર્ડ નંબર બે ખાતે રાજ્ય સરકારની યોજના હેઠળ અંદાજીત 55 લાખ રૂપિયાના ખર્ચે નિર્મિત આંબેડકર ભવનનું આજરોજ મહાનુભાવોના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

પેટલાદ શહેરમાં વિકાસના કાર્યોને વેગ આપતા, વોર્ડ નંબર બેમાં નવનિર્મિત આંબેડકર ભવનનું લોકાર્પણ રવિવારે સવારે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રણછોડજી મંદિરના મહંત, સાંસદ મિતેશભાઈ પટેલ, આણંદ જિલ્લા ભાજપ પ્રમુખ સંજયભાઈ પટેલ તથા પાલિકા પ્રમુખ કોકીલાબેન તળપદા વિશેષ રૂપે ઉપસ્થિત રહ્યા હતા અને તેમના હસ્તે આ ભવનને ખુલ્લું મુકાયું હતં.

આ ભવનનું નિર્માણ રાજ્ય સરકારની ‘સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના’ની ગ્રાન્ટમાંથી કરવામાં આવ્યું છે. આશરે રૂપિયા 55 લાખના ખર્ચે તૈયાર થયેલા આ ભવનમાં નાગરિકો માટે એક વિશાળ હોલ, બે રૂમ, ટોયલેટ બ્લોક અને પાર્કિંગ જેવી આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

આ કાર્યક્રમ દરમિયાન પાલિકાના ઉપપ્રમુખ મનિષ શાહ, કારોબારી ચેરમેન જય પટેલ, શાળા કમિટી ચેરમેન ભાવિન પટેલ, બાંધકામ ચેરમેન કાજલ પટેલ સહિત વિવિધ કાઉન્સિલરો અને શહેર સંગઠન પ્રમુખ ધર્મેન્દ્ર પટેલ હાજર રહ્યાં હતાં.

---

## નડિયાદમાં ૪ અકસ્માત કેસમાં ૧.૩૭ કરોડ ચૂકવવા આદેશ

**એક જ અકસ્માત** કેસમાં ૫૦ લાખનું માતબર વળતર અપાયું




(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૨

ન્યાયતંત્રમાં કેસોનું ભારણ ઘટાડવા અને પક્ષકારોને ઝડપી તેમજ સસ્તો ન્યાય અપાવવાના ઉમદા આશય સાથે નડીઆદ જિલ્લા ન્યાયાલય તથા તાલુકા મથકોની કોર્ટોમાં નેશનલ લોક અદાલતનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. રાષ્ટ્રીય અને રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળના માર્ગદર્શન હેઠળ યોજાયેલી આ અદાલતમાં માત્ર કાયદાકીય વિવાદો જ નહીં, પરંતુ સામાજિક સૌહાર્દના પણ અદ્ભૂત દ્રશ્યો જોવા મળ્યા હતા.

ખેડા જિલ્લાની લોક અદાલતની સૌથી વિશેષ બાબત મોટર વાહન અકસ્માત વળતરના કેસો રહ્યા હતા. જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના સેક્રેટરી જે. જે. જાદવના જણાવ્યા અનુસાર, માત્ર ૪ કેસોમાં જ અરજદારોને ૧ કરોડ ૩૭ લાખ રૂપિયા જેટલી માતબર રકમ ચૂકવવામાં આવી હતી. આ પૈકી એક કિસ્સામાં તો અકસ્માતનો ભોગ બનનારને રૂ. ૫૦ લાખનું વળતર અપાવી ન્યાયની પ્રક્રિયા ઝડપી બનાવવામાં આવી હતી.

### ‘ઉજાસ’ હેઠળ ૫ દંપતીઓનું પુનઃમિલન

ન્યાયમૂર્તિઓની સમજાવટ અને ‘ઉજાસ- એક આશા કી કિરણ’ અભિગમ હેઠળ ૫ દંપતીઓએ પોતાના વર્ષો જૂના લગ્નવિષયક વિવાદોનો અંત આણી ફરી સાથે રહેવાનો સંકલ્પ કર્યો હતો. ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલજીના માર્ગદર્શન હેઠળ શરૂ થયેલા આ અભિગમથી તૂટતા પરિવારો બચ્યા હતા. આ દંપતીઓનું તેમના બાળકો અને પરિવારજનો સાથે સન્માન કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

આ લોક અદાલતમાં ચેક રિટર્ન (૧૩૮), બેંક અને મની રિકવરી, એમ.જી.વી.સી.એલ., ટ્રાફિક નિયમ ભંગના ચલણ અને અન્ય સમાધાનપાત્ર ક્રિમિનલ કેસોનો પણ મોટી સંખ્યામાં નિકાલ કરી દંડની રકમ વસૂલવામાં આવી હતી. ન્યાયાધીશો, વકીલો, બેંક અને વીમા કંપનીઓના સહયોગથી આ લોક અદાલત પક્ષકારો માટે આશીર્વાદરૂપ સાબિત થઈ હતી.


ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
|---|---|
| જય એન્ટરપ્રાઈઝ<br>કિશોર પ્લાઝા,<br>આણંદ. | ઈશાન ન્યુઝ પેપર એજન્સી<br>સાગર ભુવન, ડભાણ<br>ભાગોળ, નડિયાદ |

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો
મો. 99250 30225, મો. 99255 50225